:: ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ (BNSS) ની કલમ-૧૬૩ અન્વયેનું જાહેરનામું ::

નં.એમએજી/બકરી ઈદ/વશી.૪૬૪૬ થી ૪૬૭૯/૨૫
જિલ્લા મેજીસ્ટ્રેટ સુરતની કચેરી, બી-બ્લોક,
જિલ્લા સેવા સદન-ર, અઠવાલાઇન્સ, સુરત
તા.૦૩ /૦૬/૨૦૨૫

આગામી તા.૦૭/૦૬/૨૦૨૫ના રોજ મુસ્લિમ ધર્મનો "બકરી ઇદ" નો તહેવાર આવે છે. આ તહેવારની ઉજવણી પ્રસંગે અમુક પ્રકારના જાનવરોની કુરબાની આપવામાં આવે છે. અને આ કુરબાની જાહેર કે ખાનગી સ્થળે, મહોલ્લા કે ગલીમાં દેખાય તે રીતે કોઇપણ પશુની કતલ કરવાથી અન્ય ધર્મ/સમુદાયના લોકોની લાગણી દુભાવાના કારણે સુલેહ શાંતિનો ભંગ થવા સંભવ રહે છે. આથી કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે સારૂ ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ મુજબના પગલાં લેવા જરૂરી જણાય છે.

વાસ્તે, હું વિજય રબારી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ભારતીય નાગરિક સુરક્ષા સંહીતા-૨૦૨૩ અન્વયે મને મળેલા અધિકારની રૂએ આથી ફરમાવું છું કે, જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના(પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લાના વિસ્તારમાં તા. ૦૩/૦૬/૨૦૨૫ ના કલાક ૦૦/૦૦ થી તા.૦૮/૦૬/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી નીચે મુજબ પ્રતિબંધ ફરમાવવામાં આવે છે.

(૧) કોઇપણ વ્યકિતએ કોઇપણ પશુની જાહેર કે ખાનગી જગ્યામાં, શેરીઓમાં કે મહોલ્લામાં વિગેરે જગ્યાએ જાહેર જનતાને દેખાય તે રીતે કતલ કરવી નહી, તેમજ કોઇપણ પ્રાણીને શણગારીને એકલા અગર સરઘસ આકારે જાહેરમાં લઇ જવા કે ફેરવવા નહી.

(૨) 'બકરી ઇદ' તહેવાર નિમિત્તે કુરબાની પછી જાનવરના માંસ, હાડકા અને અવશેષો જાહેરમાં ફેંકવા નહી.

-:: વિસ્તાર ::-

"જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના(પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લા માટે"

:: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહીતા (BNS) ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

:: જાહેર વિજ્ઞપ્તિ ::

તમામને વ્યકિતગત રીતે નોટીસને બજવણી કરવી શકય ન હોય આથી એક તરફથી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધી ધ્વારા તથા પોલીસ સ્ટેશનના સિનીયર પોલીસ ઇન્સ્પેકટરશ્રી તથા નાયબ પોલીસ અધિક્ષકશ્રી

તથા પોલીસ અધિક્ષકશ્રીના કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમના નકલની પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઇથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમના નકલની પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજરોજ તારીખ.૦૩ /૦૬/૨૦૨૫ નાં રોજ મારા સહી અને સિકકો કરી આપેલ છે.

ADDITIONAL DISTRICT MAGISTRATE
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
SURAT
સુરત

(વિજય રબારી)
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ
સુરત

પ્રતિ,

<u>નકલ સવિનય રવાના:-</u>

(૧) પોલીસ અધિક્ષકશ્રી, સુરત ગ્રામ્ય, સુરત તરફ જાણ તથા જરૂરી અમલવારી કરવા સારૂ.
(૨) જિલ્લા જજશ્રી, નવી કોર્ટ બિલ્ડીંગ, સુરત.
(૩) જિલ્લા સરકારી વકીલશ્રી, નવી કોર્ટ બિલ્ડીંગ, સુરત.
(૪) વિભાગીય નિયામકશ્રી, એસ.ટી., નવાગામ, સુરત.
(૫) પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, આર.ટી.ઓ., પાલ, સુરત.
(૬) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, સુરત.
(૭) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી,
સીટી પ્રાંત(ઉત્તર)/સીટી પ્રાંત (દક્ષિણ)/ ઓલપાડ/ કામરેજ/ બારડોલી/માંડવી, જિ.સુરત તરફ.
(૮) મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી,
અબ્રામા/ઓલપાડ/કામરેજ/પલસાણા/બારડોલી/મહુવા/માંડવી/માંગરોળ/ઉમરપાડા, જિ.સુરત તરફ.
(૯) વિભાગીય પોલીસ અધિકારીશ્રી, સુરત/બારડોલી/કામરેજ/માંગરોળ.
(૧૦) ચીફ ઓફિસરશ્રી, નગર પાલિકા બારડોલી, કડોદરા, તરસાડી, માંડવી, જિ.સુરત.

<u>નકલ સવિનય રવાના:-</u>

(૧) ઉપસચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.
(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર.
(૩) પોલીસ કમિશ્નરશ્રી, સુરત શહેર, સુરત તરફ જાણ સારૂ.

<u>નકલ સવિનય રવાના:-</u>

(૧) માહિતી નિયામકશ્રી, સુરત તરફ.
ર/- સ્થાનિક અખબારોમાં વિના મુલ્યે પ્રસિધ્ધિ આપવાની વિનંતી સહ.
(૨) મેનેજરશ્રી, સરકારી પ્રેસ એન્ડ સ્ટેશનરી, વડોદરા.
ર/- ગેઝેટમાં પ્રસિધ્ધિ આપી તેની નકલો મોકલવા વિનંતી છે.

:: ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭(૧) અન્વયેનું જાહેરનામું ::

નં.એમએજી/તહેવાર/વશી.૪૬૮૦ થી ૪૭૧૪/૨૦૨૫
જિલ્લા મેજીસ્ટ્રેટ સુરતની કચેરી, બી-બ્લોક,
જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઇન્સ, સુરત
તા. ૦૩ /૦૬/૨૦૨૫

સુરત ગ્રામ્ય જીલ્લામાં આગામી દિવસોમાં અગત્યના ધાર્મિક તહેવારો આવતા હોય અને સુરત ગ્રામ્ય જીલ્લામાં બનતા ગુન્હાઓમાં છરી, ચપ્પા, ખંજર તથા રામપુરી ચપ્પાનો ઉપયોગ થાય છે. અને આવા હથિયારોથી ગુન્હા બનતા હોવાથી કોઇપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ ન થાય, જાહેર સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઇ રહે અને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે ઈચ્છનીય છે.

સબબ, હું વિજય રબારી, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, સુરત ગુજરાત પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂ એ આથી હુકમ કરૂં છું કે નીચેના કૃત્યો પર પ્રતિબંધ ફરમાવું છું.

::પ્રતિબંધિત કૃત્યો::

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, સોટા, ઘોડા, બંદુક, છરા, લાકડા કે લાકડી, લાઠી, શારીરીક ઇજા પહોંચાડી શકાય તેવું બીજું કોઇ પણ સાધન સાથે લઇ જવું નહી.

(ખ) કોઇપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઇ જવા નહી.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓનો ફેંકવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઇ જવા નહીં એકઠા કરવા નહી તથા તૈયાર કરવા નહી.

(ઘ) કોઇ શબ, આકૃતિ અથવા પુતળા દેખાડવા નહી.

(ચ) જેનાથી સુરૂચિનો અથવા નીતીનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહી તેવા હાવભાવ કરવા નહીં તથા તેવી ચેષ્ટા કરવી નહી તથા તેવા ચિત્રો, પત્રિકા કે પ્લેકાર્ડ અથવા બીજા કોઇ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવી નહી બતાવવી નહી અથવા તેનો ફેલાવો કરવો નહી.

(છ) કોઇ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મશાલ લઇ જવી નહી.

(જ) લોકોને અપમાન કરવાના ઇરાદાથી જાહેરમાં બુમો પાડવી નહી, ગીતો ગાવા નહી કે વાદ્ય વગાડવું નહી.

આ હુકમ નીચે દર્શાવેલ વ્યકિત/વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઇપણ વ્યકિતને કે જેને ઉપરી અધિકારીએ સરકારી ફરજ બજાવવા આવું કોઇ હથિયાર લઇ જવાની આજ્ઞા આપેલ હોય.

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી સુરત, જિલ્લા પોલીસ વડાશ્રી(રૂરલ), સુરતએ અધિકૃત કરેલા અધિકારી કે કર્મચારી કે પોલીસ અધિકારીને તથા જેને શારીરીક અશકિતને કારણે લાકડી, લાઠી લઇ જવાની જરૂરીયાત હોય તેવી વ્યકિત/વ્યકિતઓ.

(3) આ હુકમ જે વ્યક્તિ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે, અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી જેઓ કાયદેસરની ફરજ ઉપર હોય તેવાને તથા સ્મશાન યાત્રાને લાગુ પડશે નહી.

-:: વિસ્તાર ::-

"જિલ્લા મેજીસ્ટ્રેટ, સુરતની હકુમત હેઠળના (પોલીસ કમિશનરશ્રી સુરત શહેરની હકુમત સિવાય) સમગ્ર સુરત જીલ્લા માટે"

-:: અમલવારીનો સમય ::-

આ હુકમની અમલવારી તા.૦૩ /૦૬/૨૦૨૫ થી તા.૧૦/૦૬/૨૦૨૫ સુધી કરવાની રહેશે.

-:: શિક્ષા ::-

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ તથા ભારતના ન્યાય સંહિતા **(BNS)** ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે નાયબ પોલીસ અધિક્ષકશ્રીના દરજ્જાથી પોલીસ સબ ઈન્સ્પેકટર સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરના ઈસમો સામે ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

સદરહું જાહેરનામાંને ઉપર બતાવેલ વિસ્તારમાં સહેલાઇથી દેખી શકાય તેવા સ્થળે ચોંટાડીને તથા લાઉડ સ્પીકર સાથેના વાહનો ધ્વારા તેમજ સ્થાનિક વર્તમાનપત્રો અને આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપર બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આજ રોજ તા. ૦૩ /૦૬/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિક્કો કરી આપ્યો.

ADDITIONAL DISTRICT MAGISTRATE SURAT
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
સત્યમેવ જયતે
સુરત

(વિજય રબારી)
અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ
સુરત

પ્રતિ,

નકલ સવિનય રવાના:-

(૧) પોલીસ અધિક્ષકશ્રી, સુરત ગ્રામ્ય, અઠવાલાઈન્સ, સુરત તરફ.
(૨) જિલ્લા જજશ્રી, નવી કોર્ટ બિલ્ડીંગ, અઠવાલાઈન્સ, સુરત.
(૩) જિલ્લા સરકારી વકીલશ્રી, નવી કોર્ટ બિલ્ડીંગ, અઠવાલાઈન્સ, સુરત.
(૪) વિભાગીય નિયામકશ્રી, એસ.ટી., નવાગામ, સુરત.
(૫) પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, આર.ટી.ઓ., પાલ, સુરત.
(૬) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત, પીપલોદ, સુરત.
(૭) સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, સીટી પ્રાંત (ઉત્તર)/સીટી પ્રાંત (દક્ષિણ)/ઓલપાડ/ કામરેજ/ બારડોલી/ માંડવી, જિ.સુરત તરફ.
(૮) મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી, ઓલપાડ/ કામરેજ/ પલસાણા/ બારડોલી/ મહુવા/ માંડવી/ માંગરોળ/ ઉમરપાડા/ અબ્રામા, જિ.સુરત તરફ.
(૯) વિભાગીય પોલીસ અધિકારીશ્રી, સુરત/માંગરોળ/બારડોલી/કામરેજ.

નકલ સવિનય રવાના:-

(૧) ઉપસચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ જાણ સારૂ.
(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી, ગુજરાત રાજય, ગાંધીનગર.
(૩) પોલીસ કમિશનરશ્રી, સુરત શહેર, અઠવાલાઈન્સ, સુરત તરફ જાણ સારૂ.

નકલ સવિનય રવાના:-

(૧) માહિતી નિયામકશ્રી, સુરત તરફ.
૨/- સ્થાનીક અખબારોમાં વિના મુલ્યે પ્રસિધ્ધિ આપવાની વિનંતી સહ.
(૨) મેનેજરશ્રી, સરકારી પ્રેસ એન્ડ સ્ટેશનરી, વડોદરા.
૨/- ગેઝેટમાં પ્રસિધ્ધિ આપી તેની નકલો મોકલવા વિનંતી છે.